**વર્ગ A ઓપરેટરો** કાર્ય માટે સીધા જવાબદાર વ્યક્તિ હોઈ શકે નહીં પરંતુ તેઓ છેવટે નિયમનકારી જરૂરિયાતો સાથે નિયમપાલનને સુનિશ્ચિત કરવા માટે જવાબદાર હોય છે. આમાં સમાવેશ થશે:

- ઢોળાવાની ઘટનાને અટકાવવાનું, વધારે ભરણની અટકાયત, મુક્તિની શોધ, કાટ સામે સુરક્ષા, આપાતકાલિન પ્રતિભાવ, મુક્તિ અને સંદિગ્ધ મુક્તિની જાણકારી, ઉત્પાદન સુસંગતતા, નાણાકીય જવાબદારી માટે દસ્તાવેજીકરણની જરૂરિયાત, સૂચનાની જરૂરિયાતો, અને કામચલાઉ/કાયમી બંધ કરવા માટેની જરૂરિયાતોનું સામાન્ય જ્ઞાન મેળવવું.
- સંશાધનો અને કર્મચારી વર્ગનું વ્યવસ્થાપન કરવું
- કામની સોપણીઓ ગોઠવવી
- સૂચિત નિર્ણયો કરવા માટે સક્ષમ બનવું

વર્ગ A ના ઓપરેટરોએ એ પણ સુનિશ્ચિત કરવું જોઈએ કે નીચેના કાર્યો એ રીતે પૂર્ણ કરવામાં આવે છે કે જે નિયમપાલન પૂર્ણ કરે.

- યોગ્ય વ્યક્તિઓને તાલીમ આપવામાં આવે છે
- ભૂગર્ભ સંગ્રહ ટાંકા વ્યવસ્થાનું યોગ્ય કામ અને જાળવણી
- યોગ્ય નોંધો જાળવવામાં આવે છે, તમે તમામ નોંધોની નકલો રાખવાનું ઈચ્છી શકો છો.
- મુક્તિઓ કે ઢોળાવાની ઘટનાઓ દ્વારા સર્જાતી બધી કટોકટીઓનો યોગ્ય રીતે પ્રતિભાવ આપવામાં આવે છે.

---

**એક વર્ગ B ઓપરેટર** સંચાલન, જાળવણી, રેકોર્ડ રાખવા અને જ્યારે મરામતો કે જાળવણીની જરૂર પડે ત્યારે યોગ્ય વ્યક્તિઓને જાણ કરવાના રોજીંદા પાસાઓ માટે જવાબદાર છે. તેઓ વિશિષ્ટ રીતે દેખરેખ રાખે છે, જાળવણી કરે છે અને સુનિશ્ચિત કરે છે:

- મુક્તિ શોધવાની પદ્ધતિ, રેકોર્ડ રાખવાની, અને જણાવવાની જરૂરિયાતો પૂર્ણ કરવામાં આવે છે.
- મુક્તિ અટકાયત ઉપકરણ, રેકોર્ડ રાખવાની અને જાણકારીની જરૂરિયાતો પૂરી કરવામાં આવે છે.
- બધા જ સંબંધિત ઉપકરણો કામગીરીના ધોરણોનું નિયમપાલન કરે છે.
- સુવિધા ખાતેની ભૂગર્ભ સંગ્રહ ટાંકીની વ્યવસ્થાઓમાંથી મુક્ત થવાની કે ઢોળાવાની ઘટના વડે સર્જાયેલ કટોકટીઓનો યોગ્ય રીતે પ્રતિભાવ આપવા માટે યોગ્ય વ્યક્તિઓને તાલીમ આપવામાં આવે છે.

---

જો UST સુવિધા કાર્ય સ્થળ ઉપર વ્યક્તિ(ઓ) ધરાવે છે તો જ્યારે પણ સુવિધા સંચાલન કરી રહી હોય ત્યારે કાર્ય સ્થળ ઉપર ઓછામાં ઓછી એક વ્યક્તિ **વર્ગ C ઓપરેટર** હોવી જોઈએ. તેમના કામની સામાન્ય અવધિ દરમિયાન જ્યાં વર્ગ C ઓપરેટર તેને જોવાની અપેક્ષા રાખવામાં આવે ત્યાં એક નિશાની કે સુચનાની પુસ્તિકા મૂકવી જરૂરી છે.

ઓછામાં ઓછી, તે નીચેની બાબતનો સમાવેશ કરવી જોઈએ:

1. ઢોળાવાની કે વધારે ભરણની ઘટનાઓમાં પ્રતિભાવ આપવામાં કર્મચારીની ભૂમિકા, અને
2. રિસાવ શોધ કૉન્સોલ (જો લાગુ પડે તો) માંથી ચેતવણીઓ, એલાર્મ્સ, અને પ્રતિભાવ ઉપર ધ્યાન આપવાની પ્રક્રિયાઓ, અને
3. કટોકટીઓ માટે સંપર્ક કરવાની વ્યક્તિના નામ અને નંબર અને ઉપકરણના એલાર્મ્સ ઉપર દેખરેખ રાખવી, અને
4. સ્થાનિક કટોકટી નંબરો, અને
5. કોઇપણ સંભવિત જોખમોથી એક સલામત અંતર જાળવવા માટેની સુચના